જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૨/૨૦૧૮ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૮૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૭ કેસ કરી, ૭૭ વ્યક્તિઓને ઝડપી, ૨૬૪ લીટર દેશી દારૂ, ૩૬૬ ઈંગ્લીશ દારૂ, ૮ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૫,૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૮૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૨૮૩/૧૮

**બાપુનગરઃ** પ્રતિક પ્રભાકરભાઇ પરાતે (રહે.બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૨/૧૮ રાતના ૯/૩૦ થી તા.૦૯/૦૨/૧૮ સવારના ૫/૩૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન ગુ.હા.બોર્ડ બાપુનગર ખાતે રહેતા પોતાના કાકાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૩૦ થી ૪૦ હજાર તથા ચીજ-વસ્તુની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એચ.પાટીલ ચલાવે છે.

**રામોલઃ** રાકેશભાઇ વસંતભાઇ પંડીત (રહે.આશાનગર સિંધવાઇ માતા મંદિર પાસે સીટી.એમ) એ તા.૦૯/૦૨/૧૮ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૨/૧૮ સાંજના ૫/૦૦ થી તા.૦૯/૦૨/૧૮ સવારના ૧૦/૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૧,૪૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જે.લાઠીયા ચલાવે છે.

**બેભાન કરી ચોરી :-** **સમાચાર યાદી નં.૨૮૪/૧૮**

**નવરંગપુરાઃ** સુભાષ સ/ઓ કુરજીભાઇ રાજાભાઇ નકુમ (ઉ.વ.૨૨)(રહે. ઠાકર શેરીડી તા.જામખંભાળીયા જી.દેવભુમીદ્વારકા) એ તા.૯/૨/૧૮ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૨/૧૮ કલાક ૮/30 વાગ્યાના સુમારે નવરંગપુરા ચીનુભાઇ ટાવર સામે બસ સ્ટેન્ડ ખાતે અજાણ્યો પુરૂષ સુભાષ નકુમ પાસે આવ્યો હતો અને સલાહ આપતા કહેલ કે નારીયેળ પાણી પીવાથી મેડીકલ રીપોર્ટ સારા આવશે તેમ કહી એલીસબ્રીજ સંન્યાસ આશ્રમ નજીક લઈ જઈ નારીયેળ પાણી પીવડાવેલ અને ત્યારબાદ અજાણ્યા પુરૂષે તેની પાસે રહેલ ચોકલેટ ખવડાવી હતી. ચોકલેટ કેફી પીણા વાળી હોવાથી સુભાષ નકુમ બેભાન થઈ જતા સુભાષ નકુમ પાસેની બેગ લઈ જતો રહ્યો હતો. બેગમાં રોકડ રૂપિયા ૧૫૦૦/- તથા અભ્યાસને લગતા અસલ સર્ટીફિકેટ, મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫,૦૦૦/-,તેમજ સબંધીના પાસપોર્ટ તથા એ.ટી.એમ.અને જરૂરી કાગળો હતા. જેમાં એસ.બી.આઇ.બેંકના એટીએમ કાર્ડનો ઉપયોગ કરી રૂપિયા ૨૮,૫૦૦/- ઉપાડી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.રાઠોડ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૮૫/૧૮**

**દરીયાપુરઃ** મુરલીભાઇ લોકુમલ સેવકાની (રહે. કે.કે.નગર સોસાયટી,શંકરદા હોલ સામે સેકટર-૨, ઘાટલોડીયા) એ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૧/૨૦૧૮ સાંજના ૫/૦૦ થી તા.૨૧/૦૧/૧૮ બપોરના ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર ચોખાબજાર તીરૂપતી કોમ્પલેક્ષના ભોયરામા આવેલ ગોડાઉનની બહારથી પ્લાસ્ટિકના થેલામાંથી વાઘબકરી ચા (૫૦૦ ગ્રામ વજનના) ૨૮૮ પેકેટ કિમત રૂપિયા ૫૦,૪૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એ.રાણા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૨૮૬/૧૮**

**ગુજરાત યુનિવર્સિટીઃ** કૃપાબા કુલુભા જાડેજા (ઉ.વ.૨૮) (રહે. ચંદ્રેશનગર સોસાયટી નવા બસ સ્ટેન્ડ પાછળ, મોરબી) તા.૦૯/૦૨/૧૮ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે ગુલબાઇ ટેકરા ઓફીસર્સ ક્વાર્ટર્સ,પાંચ બંગલા કે બ્લોક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ કૃપાબા જાડેજાના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કૃપાબા જાડેજાએ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.જી.વસાવા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૮૭/૧૮**

**રિવરફ્રંટ વેસ્ટઃ** કાળુભાઈ દાણાભાઈ મિયાત્રા (ઉ.વ.૪૮) (રહે.શેરી નંબર-૬ ચામુંડાનગર જીવરાજ મહેતા હોસ્પીટલ સામે વાસણા) એ અગમ્ય કારણોસર તા.૦૮/૦૨/૧૮ રાતના ૯/૩૦ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ એન.આઈ.ડીની પાછળ ઘાટ નંબર-૧૧ નજીક નદીમાં પડી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિનાયક લક્ષ્મણભાઇ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** (૧) રમેશભાઇ જોગીદાસ લોધા (ઉ.વ.૫૦) (રહે. હરીધામ સોસાયટી બાપાસીતારામ ચોક નવા નરોડા) ત્રણેક મહીના પહેલા રિક્ષા ચલાવતા હતા ત્યારે રિક્ષા પલ્ટી ખાઈ જતાં ખભાના ભાગે ઈજાઓ થતા ઓપરેશન કરાવેલ હતુ, જે દુખાવો થતા કંટાળી જઈ તા.૦૯/૦૨/૧૮ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પેટના ભાગે કાતર વડે ઘા મારી ઈજાઓ કરતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી. વિજય મારૂતિરાવ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** (૨) ફાલ્ગુની ડૉ/ઓ નરેશભાઇ પટણી (ઉ.વ.૧૭) (રહે. હરીધામ સોસાયટી બાપાસીતારામ ચોક નવા નરોડા) એ અગ્મય કારણસર તા.૦૯/૦૨/૧૮ સાંજના ૫/૦૦ થી ૫/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી. વિજય મારૂતિરાવ ચલાવે છે.

**દાણીલીમડાઃ** કુણાલ સ/ઓ જગદીશભાઇ રાવલ (ઉ.વ.૧૭) (રહે.માધવબાગ સોસાયટી ભુલાભાઇ પાર્ક દાણીલીમડા) એ બિમારી થી કંટાળી તા.૦૮/૦૨/૧૮ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા૦૯/૦૨/૧૮ કલાક ૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી.આર.એસ.ગોહીલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.